# ડચૂરો

એ ધીમા પગલે બગીચાનાં ખૂણાનાં વળાંક પાસે ગુલમહોરના છાયામાં ઊભી રહી. છાપાનાં કાગળમાં વિંટાળેલી બોટલમાંથી પાણી પીધું, તરત તો જાણે બાઝી પડી હતી. ઘર અહીંથી ખાસ દૂર ન હતું પણ ઘરે પહોંચવાની ઉતાવળ નહોતી એટલે બપોરનો સૂનકાર નિરાંતે જોયા કર્યો. વીજળીના તારમાં એક ફાટેલી પતંગ ફડફડાતી હતી એટલું જ બાકી ચિત્તાની જેમ છલાંગતી બપોર ત્રાટકી હતી. રોજની માફક, આજે પણ ખૂણામાં બેસવા ટેવાયેલી ગાય કોથળી વાગોળતી હતી. હંમેશની જેમ બેસ્વાદ બધું ચાવ્યા કરતી, એના મોંની આસપાસ ફરી વળેલા ફીણ જોઈ એને ગુસ્સો આવ્યો "રેઢિયાળ ગાયનું બધું આવું જ" બબડતી ઘર તરફ જવા આગળ વધી. ગલી, ખુણો અને ઘેર તરફનો વળાંક વળી ઘરનાં દરવાજા સુધી પહોંચી. ચોરસ ખોખા જેવું ઘર તડકામાં શેકાતું હતું. એણે ચાવી પર્સમાંથી કાઢી તાળું ખોલ્યું. દરવાજો ખોલી અંદર આવી. બારીઓ ખોલી. પરદાઓ ખસેડયા અને હીંચકા ઉપર બેસી પડી. બહારની લૂ ઘરની દરેક ચીજવસ્તુઓ ઉપર ફરી વળી, બારીનાં પરદાઓ સહેજ હલ્યા એટલું જ બાકી બધું સ્થિર રહયું. એણે હીંચકા ઉપર શરીર લંબાવ્યું, પછી બારીમાં મૂકેલા તાળા-ચાવીને ધારીને જોયા કરી. ખૂબ સુંદર તાળુ હતું. નકશીદાર અને વજનવાળું. ચાવી પણ ઝીણી કોતરણીથી કોતરાયેલ, આંગળીમાં રમાડવી ગમે એવી.

શું કામ આવી નાની-નાની વસ્તુઓનું વળગણ લઈને હજું ફરે છે? શી જરૂર હતી આ ઘરમાં રહી જવાની! જે જમીનમાં એના પગ હજુ પણ ચોંટતા નથી, એ જમીન માટે સ્વમાન ગુમાવી બેસી? એણે વિચારો દબાવવા હાથ કપાળ ઉપર મૂકી દીધો પરંતુ એ તો પાણીની જેમ જગ્યા ફરી ફેલાતા ગયા.

અજય જાણે ઉપકાર કરતો હોય એમ ચાવી સહિત ઘર સોંપી નીકળી ગયો. જાણે મશ્કરી કરવા જીવનમાં આવ્યો હોય એમ! ઘરની ઝંખના હતી એટલે જ ધીમાં પગલે આખાં ઘરમાં ફરી વળાય એવું ઘર બનાવ્યા પછી નોકરીની ઈચ્છાઓ માંથી એ બહાર નીકળી ગઈ હતી. ઘરની એક-એક વસ્તુ જોવી અને સ્પર્શ કરવી ગમે એવું જ એ રાખવાનું પસંદ કરતી. લગ્ન પછી કચ્છનાં પ્રવાસે ગયેલા ત્યારે અંજારની બજારમાં કંઈ કેટલા ચપ્પૂ-છરી-સૂડી-તાળા-ચાવી ધારી-ધારીને જોયાં હતાં. ઘર માટેનું આ તાળું ત્યારે જ ખરીદેલું. અજયે કહયું એક તાળાં પાછળ આટલો ખર્ચ? પરંતુ એ માની નહોતી.

"અજય, તાળું હાથમાં પકડીને બંધ કરવા કરતા પણ ખોલવાની કેટલી મજા આવે! એ ખૂલે પછી ઘર ખૂલે!"

અમસ્તું લટકતું હો તો પણ જોવું ગમે એવું ત્રણ ચાવીવાળું, ઝીણી કોતરણીથી નકશીકામ કરેલું તાળું ખરીદેલું. એક ચાવી મારી, એક તારી અને એક ભવિષ્યમાં કામ આવશે એમ વિચારી ઉત્સાહ સાથે એણે પેક કરાવેલું. ત્રીજી ચાવીનાં ઉપયોગ સુધી પહોંચાય અટલી નીકટતા ક્યારેય આવી જ નહિ.

ચાવીઓ યાદ આવતા બાકીની બે ચાવી ક્યાં હશે એ યાદ કરવામાં ઊંડી ઊતરી ગઈ. કોમ્યુટરવાળા ટેબલનાં ખાનામાં હોવી જોઈએ. અજય એક ચાવી લઈ ગયો કે રાખીને, કાંઈ જ ખબર નથી. એ ચાવી સાથે લઈ જઈને કરે પણ શું?

ઘર જાળવવું જ નહોતું તો બાંધ્યું શું કામ? એનું માથું ભમવા લાગ્યું, એ જેટલી તીવ્રતાથી વિચારોને ધક્કો મારી હડસેલતી એટલા બમણા વેગથી સામે ઊભા રહેતા. એને ચા પીવાની ઈચ્છા થઈ. એ ભર બપોરે પણ ચાનો કોઈ વિક્લ્પ પસંદ કરતી નહીં. રસોડામાં દૂધ ગરમ કરવા મૂક્યું ડબ્બામાં ચાય-પત્તી પૂરી થયેલી જોઈ એ અકળાઈ સ્ટવ બંધ કરી એ બહાર નીકળી. રસ્તો હજુયે ખાલીખમ હતો. આ એજ વિસ્તાર હતો. જ્યાં એ હજુ ત્રણ વર્ષ પહેલા સાડી પહેરીને ઊતરી હતી, ભાડામાં નહી સીધા પોતાના જ ઘરમાં. ત્યારે તો અહીં ખૂલ્લું મેદાન હતું. સોસાયટીનાં છોકરાઓ ક્રિકેટ રમતા હતા અને મેદાનના સામા છેડે વસતી ઝૂંપડપટ્ટીનાં છોકરાઓ લૂંટેલી પતંગ ઉડાવતા હતા, કેટલાક તૂટેલા ટાયર દોડાવતા હતા. અત્યારે મેદાનનાં અર્ધા ભાગમાં લોખંડના સળિયાઓ અને ઇંટોનો ખડકલો થઈ ગયો છે. અજય સાથે પહેલા દિવસે જ દૂધ અને જરૂરી ચીજવસ્તુઓ લેવા નીકળી હતી, નવા વિસ્તારને ધારી ધારીને જોયા કરી હતી. એ પછી ઘણીવાર સાંજે એકલી ચાલવા નીકળતી, બગીચામાં બાળકોને રમતા જોતી, ફરફરીયા ખરીદતા જોતી ત્યારે અંદર એક ફરફરાટ ફરી વળતો, અજય ને વળગી પડવવાનું મન થઈ જતું પણ અજય તો સાવ સુસ્ત. એ અને એનો મોબાઈલ. જાણે કોઈ નામ મુઠ્ઠીમાં ભીંસીને પકડી રાખ્યું છે. મૂઠ્ઠી ખુલતાં જ ખાલીખમ સમયનો ઢગલો બની જતો. ઘરમાં બે વ્યક્તિની વચ્ચે તરતું કોઈ નામ અનુભવાતું અને એ ઉદાસ બની જતી. અજય એક અધૂરપ સાથે એનામાં ઉમેરાયો છે. કદાચ કોઈ મૂંઝવણ ભરેલી સ્થિતિમાં કે પછી કોઈએ આમ કરવા વિવશ બનાવ્યો હશે? હવામાં ફંગોળાતા નામને પકડવા એણે પ્રયત્ન શરૂ કરી દીધો.

એક....બે....ત્રણ પુરાવાઓ જેમ મળતા ગયા એમ શિપ્રા નામનો ડચૂરો ગળે વધુને વધુ બાઝતો ગયો. ન ગળાની નીચે ઉતારી શકાય ન ફેંકી શકાય. અજયની કઈ મજબૂરી હતી? જ્યારે એના જીવનમાં શિપ્રા હતી તો શું કામ જોડાયો એની સાથે? આમ તો ભૂલે એની પોતાની જ હતી. જિંદગીમાં સુખ કે દુઃખની ઓછી જ આગાહી હોય? સાવ એવું નહોતું, એને આવનાર સંઘર્ષનો અણસાર મળ્યો જ હતો. ઘરમાં અજય મહેતાનું નામ બોલાતું થયું એ સાથે શિવાની હવે તું એકવાર અજય ને જોઈ લે, વધારે મોડું નથી થવા

દેવાનું. છોકરો નોકરી કરે છે, દેખાવમાં સારો છે અને નોકરીનાં બહાને સ્વતંત્ર રહેવાનું છે, આનાથી વધારે કેટલું જોવાનું? હવે સમય વધારે જાય એ સારુ નહીં. આવી બધી ચર્ચાઓ પછી ઘરનાં વડીલોએ ટેલીફોન બીલ ભરવાને બહાને અજયને જોવા બી.એસ.એન.એલની હેડ ઓફિસમાં મોકલી હતી. બીલ ભરવાનાં વારાની પ્રતીક્ષામાં ઊભી હતી. આગળ લાંબી લાઈન હતી ઘડીક જમણા પગ ઉપર દઈને ઘડીક ડાબા પગ ઉપર વજન દઈને તો ઘડીક ટટ્ટાર ઊભી રહીને જોયા કરી હતી ઓફિસની અંદરનો માહોલ. ટેબલ ઉપર બેસેલા કર્મચારીઓના વ્યવહારો, દિવાલે લટકાવેલી જાહેરાતો, સ્ક્રીન ઉપર પીળી પટ્ટીમાં તરતી સૂચનાઓ. આ બધાં વચ્ચે અજય મહેતા નામનો યુવાન નજરે ન ચડ્યો. વચ્ચે દશ મિનિટમાં ચા-બ્રેકમાં આમથી તેમ નજર દોડાવી ત્યારે અંદરના કોમ્યુટર રૂમમાં ખડખડાટ હસતી બે વ્યક્તિ ઉપર નજર નાંખી એ જ અજય હોવો જોઈએ આખી ઓફિસમાં યુવાન એ એક જ દેખાતો હતો અને એની સાથે ઝૂલ્ફો ઉછાળીને હસતી પેલી માયા કોણ હશે?

ના ભાઈ ના નહીં મજા આવે. એ એટલી સંકુચીત નથી એવી જાત સાથે દલીલો કર્યા પછી ફરી ઘરમાં કહ્યું મને ત્યાં ઈચ્છા નથી આ નિર્ણય ઘરમાં સંભળાવ્યો એ સાથે મહેણા-ટોણાનો વરસાદ શરૂ થઈ ગયેલો. શિવાનીનાં નખરાં ખૂબ! ક્યાંથી શોધવો એ ઈચ્છે એવો છોકરો? એને શું તકલીફ છે એની ખબર જ ક્યાં પડે છે?

બધી એની એજ ચર્ચાને અંતે એણે કહ્યું સારું એકવાર મને મળી લેવા દો પછી નક્કી કરું બસ!

ફરી એક દિવસ ઓફિસ પાસેથી પસાર થઈ અજય ને જોવાને બહાને જ. અજય બાઇક ઉપર નીકળ્યો અને પાછળ ખભા પકડીને બેસેલી પેલી માય પણ ખરી.

ના, હવે તો નહીં જ. દેખાવડો અને નોકરિયાત હોય તો શું થઈ ગયું?

ફરી ઘરનું વાતાવરણ તંગ થયું, પછીનાં બે દિવસ માં મુલાકાત ગોઠવાઈ. એ પણ કોઈ મજબૂર સમયનો ભોગ બનેલ હશે. વાત-ચીત ખાસ કાંઈ થઈ નહી. કેટકેટલા પૂછવાનાં પ્રશ્નો, કેટલું ખરાબ લાગશે એમ વિચારી અંદર ધૂમરાતા રહી ગયા. થોડા દિવસોમાં એક અધૂરી મુલાકાત સગાઈમાં પરીણમી. સગાઈની પાર્ટીમાં આવેલ મિત્રોમાં ઉછળતી ઝૂલ્ફો પણ સાથે હતી. અજયે પરિચય કરાવતાં રહેલું આ છે શિપ્રા ઐયર, મારી સહ કર્મચારી અને સારી મિત્ર પણ ખરી. પગથી માથા સુધી એક ઝણઝણાટી પસાર થઈ પછી એને આખી ચકાસી. એ સમયે અજયની નિખાલસતા ઉપર ઓળઘોળ થઈ જવાયું હતું. સમય જતાં આ મિત્ર શબ્દની ઓથ નીચે સંબંધ ગોળ ગોળ ભમતો ગયો અને બન્ને વચ્ચેની તીરાડ પહોળી કરતો ગયો.

અજયની સાથે ચર્ચાને અવકાશ જ નહોતો. તું સંકુચિત છે, તું શંકાશીલ છે, આવાં છીછરા વિશેષણોથી ગુનેગાર એ જ સાબિત થતી. શિપ્રા પણ મોબાઈલ અને ઓફિસ સુધી સીમિત ન રહેતા ઘરની નાની મોટી વસ્તુઓની પસંદ નાપંસદમાં સહભાગી થવા લાગી. બારીનાં પરદા હોય કે બેડશીટનો રંગ, ક્રોકરીની ડીઝાઈન હોય કે નાનું મોટું ફર્નિચર શિપ્રાનાં અભિપ્રાય જ અંતિમ અને શ્રેષ્ઠ સાબિત થતાં. શિવાનીને થતું એ પોતાનાં ઘરમાં નહીં બીજાનાં ઘરમાં ઊભી છે.

એ ગલીનો વળાંક વળી બગીચાનાં ખૂણા સુધી પહોંચી. ગાય હજુ પણ કોથળી વાગોળતી હતી. એને ડચકારી, પણ ઊભી ન થઈ. ભર બપોરે સંતાને ઉકરડો ફેંદતો જોઈ સંતા ઉપર અકળાણી, આમ તડકામાં શું કામ રખડે છે?

સંતાએ બે હાથે કોથળો વધું ટાઇટ પકડયો અને બોલ્યો માસી, “અટાણે કોથળો ન ભરું તો બીજું કોઈક ભરી જાય!'' કોથળો આઈસ્ક્રીમ, શ્રીખંડ, દહીનાં ખાલી ડબ્બા ડૂબ્બીથી ભરાઈ ગયો હતો.

આજ તો તારાં બાપુ ખુશ થઈ જશે નહીં?

હા, બાપુએ કીધુસ, કોથળો ભરાઈ જાય તો વળતા લારીએથી વડા-પાવ લેતો આવજે.

અત્યારે કાંઈ ખાધુ કે?

ના.

ઊભો રહેજે હું હમણા આવુ છું. વળતાં ચા ના પેકેટ સાથે પારલેજી બિસ્કીટ અને ચોકલેટ લઈ લીધા.

આ સંતો બહુ જીવરો છોકરો છે, રહે છે ઝૂંપડપટ્ટીમાં પણ કામ કર્યા વગરનું કશું લેતો નહી. એની લખોટી જેવી આંખોમાં બહુ બધી વાતો હતી. એને પહેલીવાર જોયો ત્યારે જીઈબીનાં થાંભલાને અઢેલીને બ્રેડનાં ડૂચા મારતો હતો. કોરી બ્રેડ ગળે ન ઉતરી એટલે અંતરાસીને પરસેવે રેબઝેબ થઈ ગયેલો જોઈ હાથમાં ચા માટેની દૂધની કોથળી સંતાને આપી દીધી. એ એટલા ભાવથી જોતો રહ્યો. પછી તો જ્યારે નીકળવાનું થાય એટલે “ માસી કાંઈ કામ કરવા આવું?” આવે ત્યારે ફળિયું, અગાશી સાફ કરે. નાનાં મોટા કામ કરી આપે. સંતાને ખુશ રાખવામાં એને ખૂબ આનંદ મળતો.

સંતાની મા મરી ગઈ હતી, એ એની મા ની આંગળીએ આવેલો એટલે અત્યારનો બાપ એનો સગો બાપ નહોતો. સંતો એનાં નવા બાપની કમાણીનું સાધન બની ગયો હતો. આ દશ-બાર વર્ષનો છોકરો ગમવાનું કારણ એક જ એ કામ કર્યા વગર એનાં બાપુનું પણ ખાતો નહી.

સંતા જેવા છોકરાને જો મફતનું ખાવું પસંદ નથી તો પોતે શું કામ રહી ગઈ આ ઘરમાં? નીકળી જવું હતું ને! ક્યાં જવું એ મોટો પ્રશ્ન એની સામે હતો. એ દિવસે એ થોડું સહન કરી ગઈ હોત, અર્ધીરાત્રે ચાદરની અંદર ચળકતો મોબાઈલ સ્ક્રીન અને અપમાનીત ક્ષણો. એણે નક્કી કરી લીધું, આમ સાથે રહેવાનો કોઈ અર્થ નથી.

અજય આપણે છૂટાં પડી જઈએ. મારી પાસે નોકરી નથી એનો અફસોસ છે પણ મારે તારું કાંઈ નથી જોઈતું, બસ. આમ મહેમાનની જેમ મારે નથી રહેવું.

અજય ધાર્યા કરતાં વહેલો સહમત થઈ ગયો. એ મને રઝળતો મૂકીને નથી જતો એવું સાબિત કરવા ઘરની સોંપી જરૂરી સામાન લઈને નીકળી ગયો. એ ક્યાં જવાનો હતો એ તો નક્કી જ હતું.

એ ઊભી રહી ઘરની વચ્ચે એકલી ગૂમસૂમ. જીવન આમ પોતાના પગ ઉપર આવે ત્યારે કેવો અંધારપટ છવાઈ જાય. ઘણાં રઝળપાટના અંતે ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે જોડાણી. જીવન હવે જાતે જ ઊંચકવાનું હતું, હળવું હોય કે ભારે. કેટલીયે સાંજ કોરી બ્રેડ ખાઈને વિતાવી, ગળે ડચૂરો વળે તો પણ. સંતો એને ન મળ્યો હોત તો સ્વમાનને આટલું નજીકથી સમજી શકી ન હોત.!

હજુ ક્યાં મોડું થયું છે?

એ મક્કમ બની.

બીજા દિવસે નકશીદાર તાળું અને એની ત્રણ ચાવી બોક્સમાં બંધ કરી બી.એસ.એન.એલની ઓફિસમાં પહોંચી. અજય મહેતાનાં ટેબલ ઉપર કાચની ગોળાકાર નાનકડી બારીમાંથી સરકાવી આંખ મિલાવ્યા વગર નીકળી ગઈ.

હવે ક્યાં ? પ્રશ્ન ગળે બાઝી પડયો, એક ઝાડ નીચે ઊભી રહી બેગમાંથી પાણી પીવા બોટલ કાઢી ઢાંકણ ખોલ્યું. પાણી ગળા નીચે ઉતારી ન શકી બાજુમાં તપતા પથ્થર ઉપર ધીમી ધારે ઢોળી ખાલી રસ્તો તાક્યા કરી ક્યાંય સધી......